# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-04-2025** **EVENING : 7.50 to 8.00**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભૂંડીયા** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તામિલનાડુમાં ૮ હજાર ૩૦૦ કરોડ રૂપિયાના વિકાસકામોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો.
2) પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારત શ્રીલંકાની વિકાસ યાત્રાને ટેકો આપવા બદલ ગર્વ અનુભવે છે અને તેમની મુલાકાત દ્વિપક્ષીય સંબંધોને વેગ આપશે.
3) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે પોર્ટુગલ અને સ્લોવાકિયાની મુલાકાતના પ્રથમ તબક્કામાં લિસ્બન જવા રવાના.
4) કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે કહ્યું- ઈફકોએ નેનો યુરિયા અને નેનો ડીએપી વિકસાવી વિશ્વમાં ભારતના સહકારિતા ક્ષેત્રનો ડંકો વગાડ્યો.
5) રામ નવમીનો તહેવાર સમગ્ર દેશમાં ધાર્મિક ઉત્સાહ અને ધામધૂમથી ઉજવવામાં આવી રહ્યો છે.
6) IPL ક્રિકેટમાં, આજે હૈદરાબાદમાં ગુજરાત ટાઇટન્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે મેચ રમાઈ રહી છે.

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM TAMILNADU NEW

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે દેશના ચારેય ખૂણાઓને જોડવા માટે, છેલ્લા દસ વર્ષમાં સરકારે માળખાકીય સુવિધાઓને મજબૂત બનાવવા માટે ઘણા પ્રયાસો કર્યા છે.

રામેશ્વરમમાં પંબન ખાતે વર્ટિકલ લિફ્ટ સી બ્રિજનું ઉદ્ઘાટન અને 8 હજાર 300 કરોડ રૂપિયાના વિકાસકામોનો શિલાન્યાસ કર્યા પછી તેમણે કહ્યું કે તમિલનાડુના વિકાસે રાષ્ટ્રના વિકાસમાં ફાળો આપ્યો છે.

(BYTE: PM RAMESHWARAM)

શ્રી મોદીએ કહ્યું કે પ્રાચીન રામેશ્વરમ મંદિરમાં પ્રાર્થના કરવી અને વિકાસકામોનું સમર્પિત કરવું એ એક મહત્વપૂર્ણ ક્ષણ છે.

શ્રી મોદીએ કહ્યું કે તમિલનાડુમાં માળખાકીય વિકાસ તેમની સરકારની પ્રાથમિકતા છે.

શ્રી મોદીએ પ્રાચીન તમિલ સંસ્કૃતિ અને ભાષાનો ઉલ્લેખ કર્યો. તેમણે રાજ્ય સરકારને વિનંતી કરી કે વિદ્યાર્થીઓને તેમની માતૃભાષામાં તબીબી શિક્ષણ મેળવવાની મંજૂરી આપવામાં આવે.

વર્ટિકલ લિફ્ટ સી બ્રિજને વીસમી સદીની અજાયબી ગણાવતા, તેમણે એન્જિનિયરોને અભિનંદન આપ્યા. આનાથી વેપાર, પર્યટન અને વ્યવસાય સરળ બનશે અને લોકોને રોજગારી મળશે.

શ્રી મોદીએ કહ્યું કે છેલ્લા દસ વર્ષમાં, સરકારના પ્રયાસોને કારણે, શ્રીલંકાની જેલમાંથી 3 હજાર 700 માછીમારોને મુક્ત કરવામાં આવ્યા છે. આ વર્ષે 600 થી વધુ માછીમારોનો સમાવેશ થાય છે.

# Prime Minister- Visit to Sri Lanka

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો શ્રીલંકાના ત્રણ દિવસનો પ્રવાસ આજે પૂર્ણ થયો. તેમની મુલાકાતે બંને પડોશી દેશો વચ્ચેના લાંબાગાળાના સંબંધોમાં એક નવો અધ્યાય ઉમેર્યો છે. મુલાકાતના છેલ્લા દિવસે, પ્રધાનમંત્રી ઐતિહાસિક શહેર અનુરાધાપુરા પહોંચ્યા અને શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકે સાથે સંયુક્ત રીતે મહો-ઓમાનથાઈ રેલ્વે લાઇનનું ઉદ્ઘાટન કર્યું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભારતને શ્રીલંકાની વિકાસ યાત્રાના વિવિધ તબક્કામાં તેને ટેકો આપવાનો ગર્વ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શ્રીલંકાની તેમની મુલાકાત દરમિયાન તેમના ઉષ્માભર્યા સ્વાગત બદલ રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકે, શ્રીલંકાના લોકો અને સરકારનો હૃદયપૂર્વક આભાર માન્યો છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, તેમણે કહ્યું કે આ મુલાકાતે બંને દેશો વચ્ચેના ગાઢ સાંસ્કૃતિક, આધ્યાત્મિક અને સભ્યતા સંબંધોને પુનઃપુષ્ટિ આપી છે.

શ્રી મોદી અને શ્રી દિસાનાયકે વચ્ચે દ્વિપક્ષીય વાટાઘાટો પણ થઈ. આ પ્રસંગે, બંને નેતાઓએ ભારતીય માછીમારોની મુક્તિના મુદ્દા પર ચર્ચા કરી. વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ જણાવ્યું હતું કે આ પછી શ્રીલંકાની સરકારે 11 ભારતીય માછીમારોને મુક્ત કર્યા.

મિત્રતા અને આદરના પ્રતીક તરીકે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને શ્રીલંકા મિત્ર વિભૂષણ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો.

# President- Visit to Portugal

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે પોર્ટુગલ અને સ્લોવાકિયાની મુલાકાતના પ્રથમ તબક્કામાં લિસ્બન જવા રવાના થયા છે. પોર્ટુગલની તેમની મુલાકાત દરમિયાન, તેઓ તેમના સમકક્ષ રાષ્ટ્રપતિ માર્સેલો રેબેલો ડીસૂઝાને મળશે. તેઓ પોર્ટુગીઝના પ્રધાનમંત્રી લુઇસ મોન્ટેનેગ્રો અને નેશનલ એસેમ્બલીના સ્પીકર જોસ પેડ્રો એગુઆર-બ્રેનકોને પણ મળશે. સ્લોવાકિયામાં, રાષ્ટ્રપતિ મુર્મુ સ્લોવાકના રાષ્ટ્રપતિ પીટર પેલેગ્રિની અને પ્રધાનમંત્રી રોબર્ટ ફિકો સાથે દ્વિપક્ષીય બેઠક કરશે. રાષ્ટ્રપતિની પોર્ટુગલ મુલાકાત 27 વર્ષ પછી થઈ રહી છે. આજે ભારત અને પોર્ટુગલ રાજદ્વારી સંબંધો પુનઃસ્થાપિત થયાના 50 વર્ષની ઉજવણી કરી રહ્યા છે.

# AMIT SHAH - IFFCO

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે કહ્યું- ઈફકોએ નેનો યુરિયા અને નેનો ડીએપી વિકસાવી સમગ્ર વિશ્વમાં ભારતના સહકારિતા ક્ષેત્રનો ડંકો વગાડ્યો છે. ગાંધીનગરના કલોલ ખાતે ઇફકોના માતૃ એકમ તેમજ સૌપ્રથમ યુરિયા નિર્માણ સંકુલની સુવર્ણ જયંતી સમારોહમાં શ્રી શાહે આ મુજબ જણાવ્યું હતું. આ પ્રસંગે તેમણે ઇફકોના નવા “બીજ સંશોધન કેન્દ્ર”નો શિલાન્યાસ પણ કર્યો હતો. શ્રી શાહે જણાવ્યું કે ઈફકોની 50 વર્ષની ગૌરવયાત્રા ખેતી, ઉત્પાદન, ગ્રામીણ અર્થતંત્ર અને ખેડૂતોની સમૃદ્ધિને સમર્પિત રહી છે. તેમણે ઉમેર્યું કે 'ત્રિભુવનદાસ સહકારી યુનિવર્સિટી' આગામી 50 વર્ષમાં સહકારિતા ક્ષેત્રે દેશની પ્રગતિની દિશા નક્કી કરશે.

(બાઇટ: અમિત શાહ)

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે 57 સહકારી મંડળીઓથી શરૂ થયેલી ઇફકોની આ યાત્રામાં આજે 36 હજારથી વધુ સહકારી મંડળીઓ જોડાઈ છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# Delhi/-BJP Foundation Day

ભાજપના રાષ્ટ્રીય અને રાજ્ય કાર્યાલયોમાં આજે ભાજપના 46મા સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે, પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ જગત પ્રકાશ નડ્ડાએ ભાજપના રાષ્ટ્રીય કાર્યાલય ખાતે પાર્ટીના નેતાઓ અને કાર્યકરોને સંબોધિત કર્યા. પક્ષની યાત્રાને યાદ કરતા શ્રી નડ્ડાએ કહ્યું કે ભાજપ એક રાજકીય ચળવળ છે જે રાષ્ટ્રના પુનર્નિર્માણ માટે કામ કરે છે.

(બાઈટ- જે પી નડ્ડા)

પ્રદેશ ભાજપ પ્રમુખ વીરેન્દ્ર સચદેવ અને દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ રાજ્ય કાર્યાલય ખાતે ધ્વજ ફરકાવ્યો અને પાર્ટીના કાર્યકરોને સ્થાપના દિવસની શુભેચ્છા પાઠવી. આ પ્રસંગે શ્રી સચદેવાએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સારું કામ કરી રહ્યું છે. સાથે જ મુખ્યમંત્રીએ કહ્યું કે તેમની સરકાર દિલ્હીના વિકાસની સાથે સામાજિક ઉત્થાન માટે પણ કામ કરી રહી છે.

ભાજપના સાંસદ બાંસુરી સ્વરાજે કહ્યું છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, ભાજપ આજે વિશ્વનો સૌથી મોટો રાજકીય પક્ષ છે.

દિલ્હી ભાજપના તમામ 14 જિલ્લાઓમાં સ્થાપના દિવસની ઉજવણીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

# AMIT SHAH -RAJASTHAN

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે રાજસ્થાનના કોટપુતલી-બેહરોડ જિલ્લાના પાવટા ખાતે એક ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લીધો હતો. તેમણે બાવડીમાં યોગી બાબા બાલનાથની તપોસ્થળી ખાતે 108 કુંડળી રૂદ્ર મહામૃત્યુંજય મહાયજ્ઞની પૂર્ણાહુતિ સમારોહમાં ભાગ લીધો હતો. શ્રી શાહે આ પ્રસંગે સનાતન ધર્મ પરિષદને પણ સંબોધિત કરી હતી. તેમણે કહ્યું કે બાબા બાલનાથ જન કલ્યાણ, પ્રાણીઓ અને પક્ષીઓની સેવા, પર્યાવરણ સંરક્ષણ અને સામાજિક સમરસતાના કાર્યોમા જોડાયેલા હતાં.

રાજસ્થાનના મુખ્યમંત્રી મદન લાલ શર્માએ પણ જનતાને સંબોધિત કરી. આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવ, જયપુર ગ્રામીણ લોકસભા ક્ષેત્રના સાંસદ રાવ રાજેન્દ્ર અને અનેક ધારાસભ્યોએ ભાગ લીધો હતો.

# RAMNAVAMI

આજે દેશભરમાં રામ નવમી ધાર્મિક ઉત્સાહ અને ધામધૂમથી ઉજવવામાં આવી રહી છે. આ તહેવાર ભગવાન વિષ્ણુના સાતમા અવતાર ભગવાન રામના અવતરણનો પ્રતિક છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રામ નવમી નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે રામ નવમી આપણને ધર્મ, ન્યાય અને કર્તવ્યની ભાવનાનો સંદેશ આપે છે.

પ્રધાનમંત્રીએ દેશવાસીઓને રામ નવમીની શુભેચ્છા પાઠવી છે. પોતાની સોશિયલ મીડિયા પોસ્ટમાં, તેમણે ભગવાન શ્રી રામના આશીર્વાદ આપણા બધા પર રહે તેવી શુભેચ્છા પાઠવી.

અયોધ્યામાં રામલલાના જન્મોત્સવની ઉજવણી થઈ રહી છે. રામનગરી જય શ્રી રામના નારાથી ગુંજી રહી છે. રામ નવમીના અવસર પર શ્રી રામ જન્મભૂમિ મંદિરમાં રામલલાનો ખાસ શણગાર કરવામાં આવ્યો હતો અને 56 પ્રસાદ ચઢાવવામાં આવ્યા હતા. બપોરે ૧૨:૦૦ વાગ્યે, સૂર્યના કિરણોએ રામલલાના કપાળ પર તિલક બનાવ્યું. આ ઐતિહાસિક ક્ષણનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. પહેલી વાર, મોટી સંખ્યામાં અયોધ્યા પહોંચેલા શ્રદ્ધાળુઓ પર ડ્રોનનો ઉપયોગ કરીને સરયુ નદીનું પાણી છંટકાવ કરવામાં આવી રહ્યું છે. આ વખતે રામ નવમી પર અયોધ્યામાં અઢી લાખથી વધુ દીવા પ્રગટાવવામાં આવશે. શ્રદ્ધાળુઓની ભારે ભીડને ધ્યાનમાં રાખીને, વહીવટીતંત્રે સમગ્ર જિલ્લામાં કડક સુરક્ષા વ્યવસ્થા કરી છે.

# IPL

ઇન્ડિયન પ્રીમિયર લીગ-**IPL** ટી 20 ક્રિકેટમાં, આજે હૈદરાબાદના રાજીવ ગાંધી ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઇટન્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે મેચ રમાઈ રહી છે. ગુજરાત ટાઇટન્સે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી હતી. છેલ્લા સમાચાર મુજબ હૈદરાબાદની ટીમે 5 ઓવરમાં 2 વિકેટ ગુમાવીને 39 રન બનાવ્યા છે. ત્રણ મેચમાંથી બે જીત સાથે ગુજરાતની ટીમ પોઈન્ટ ટેબલમાં ત્રીજા જ્યારે એક જીત સાથે હૈદરાબાદની ટીમ ટેબલમાં સૌથી નીચે છે.

# Punjab - Farmers' hunger strike ends

પંજાબના અગ્રણી ખેડૂત નેતા જગજીત સિંહ દલ્લેવાલે આજે ફતેહગઢ સાહિબમાં પોતાનો ઉપવાસ સમાપ્ત કર્યો છે. આ જાહેરાત કરતા તેમણે કહ્યું કે તેઓ ખેડૂતોના આંદોલનનું નવેસરથી નેતૃત્વ કરતા રહેશે. તેઓ નવેમ્બર 2024 થી ખેડૂતોની લઘુતમ ટેકાના ભાવ અંગે કાયદાકીય ગેરંટી સહિત અન્ય માંગણીઓ પૂર્ણ કરાવવા ઉપવાસ પર હતાં.

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ગઈકાલે સોશિયલ મીડિયા પોસ્ટમાં દલ્લેવાલને ઉપવાસ પૂર્ણ કરવાની અપીલ કરી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે કેન્દ્ર સરકારના પ્રતિનિધિઓ અને ખેડૂત સંગઠનો વચ્ચે તેમની માંગણીઓ અંગે વાતચીત ચાલી રહી છે.